તા. ૧૬.૦૯.૨૦૨૫
ગાંધીનગર સમાચાર, પાના નં-૦૯

# ગાંધીનગરની આગવી ઓળખ સમા સર્કલો નવા રૂપરંગમાં જોવા મળશે

## 'ચ-૫' સર્કલ પર ખાસ થીમનો ફુવારો મુકાશે

ગાંધીનગર સમાચાર

ગાંધીનગર, તા. ૧૫

પહોળા રસ્તા અને મનોહર સર્કલો ગાંધીનગરની ઓળખ છે, પરંતુ વિકાસ કાર્યોને લીધે ઘણા સર્કલોની હાલત બિસ્માર થઈ ગઈ છે. હવે મહાનગરપાલિકાએ આ સર્કલોને ફરીથી સુંદર બનાવવાની કામગીરી શરૂ કરી છે, જેમાં ખાસ કરીને મેટ્રો રેલના રૂટ પરના સર્કલોનો પુનર્વિકાસ કરવામાં આવશે. આ પ્રક્રિયામાં શહેરનું વર્ષો જૂનું 'ચ-૫' સર્કલ જે ફુવારા માટે જાણીતું હતું તેને તેની જૂની ઓળખ પાછી અપાવવા માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

અગાઉથી જ આ મામલે ખાનગી સંસ્થાઓને જવાબદારી સોંપવામાં આવી છે. સર્કલોના પુનર્વિકાસ માટે મહાનગરપાલિકા અને માર્ગ અને મકાન વિભાગ દ્વારા ખાનગી સંસ્થાઓને જવાબદારી સોંપવામાં આવી રહી છે. આ અન્વયે ચ-૫ સર્કલ : આ સર્કલ એક અગ્રગણ્ય ફાર્મા કંપનીને સોંપવામાં આવ્યું છે. અહીં ખાસ થીમ આધારિત ફુવારો મૂકવામાં આવશે, જેની ડિઝાઈન મંજૂર થયા બાદ કામગીરી શરૂ થશે.

જ્યારે ઘ-૫ સર્કલ : આ સર્કલ ગાંધીનગર મહાનગરપાલિકાને સોંપવામાં આવ્યું છે. કોર્પોરેશને અગાઉ 'ચ-૨' સર્કલને 'ન્યાય' અને 'ગ-૧' સર્કલને 'સંગીત'ની થીમ પર વિકસાવ્યા છે. હાલ 'ચ-૩' સર્કલનું કામ 'સુશાસન'ની થીમ પર ચાલી રહ્યું છે અને તે પછી 'ઘ-૫' સર્કલનું કામ હાથ ધરાશે.

જ્યારે છ-૫ સર્કલ સેક્ટર-૧૯ આ સર્કલ પહેલાં ચિલ્ડ્રન યુનિવર્સિટી હસ્તક હતું, પરંતુ યુનિવર્સિટી ખસેડાઈ હોવાથી હવે તે કોસ્ટગાર્ડને સોંપવાની પ્રક્રિયા ચાલી રહી છે. પોલીસ ભવન સર્કલનું ડેવલપમેન્ટ પોલીસ તંત્ર દ્વારા કરવામાં આવશે. આ ઉપરાંત અગાઉ 'ઘ-૫' સર્કલ એસબીઆઈ હસ્તક હતું, પરંતુ હવે સેક્ટર-૧૯માં પનિતવન પહેલાંના ચાર રસ્તા પરનું સર્કલ એસબીઆઈ દ્વારા વિકસાવવામાં આવશે. આ પહેલથી ગાંધીનગરના સૌંદર્યમાં વધારો થશે અને શહેરની ઓળખ જળવાઈ રહેશે તેવી આશા રાખવામાં આવી રહી છે. આ પ્રયાસો ગાંધીનગરને ફરીથી તેના મૂળ સ્વરૂપમાં લાવવામાં મદદ કરશે.